Stellar International
ART FOUNDATION



# રંગોની દુનિયાના કલાકારે ભારત માટે પ્રથમ એવોર્ડ મેળવ્યો

## ઇસ્ટર્ન આઇ આર્ટ્સ, કલ્ચર એન્ડ થિયેટર એવોર્ડ્સ (એસીટીએસ)માં પરેશ મૈતીને એડિટર્સ એવોર્ડ મળ્યો [રંગોની દુનિયામાં વિવિધતા અને સંસ્કૃતિ વચ્ચે માનવતાની મહેંક પ્રસારવા બદલ]

*ગુરૂવાર, 24 મે, 2016*

ભારતીય કલાકાર પરેશ મૈતી 22 મે, રવિવારે રાત્રે ઇસ્ટર્ન આઇ આર્ટ્સ, કલ્ચર એન્ડ થિયેટર એવોર્ડ્સ (એસીટીએ)ની ઉજવણી કરવા માટે આયોજિત ભવ્ય સમારંભમાં એડિટર્સ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય કલાકાર બની ગયા.

બ્રિટિશ અભિનેતા અને ફિલ્મનિર્માતા હમ્ઝા જીતૂઆ (લ્યુથર, બીઇંગ હ્યુમન, કેપિટલ)એ વૈશ્વિક કળા અને કળા સમુદાયમાં યાદગાર પ્રદાન કરવા બદલ વિશેષ એસીટીએ એવોર્ડ મૈતીને એનાયત કર્યો હતો.

આ એવોર્ડ એનાયત કરતાં હમ્ઝાએ કહ્યું હતું કેઃ "પરેશ મૈતી પોતાના સમયના ટોચના સમકાલીન કલાકારોમાંના એક છે અને ભારતના ટોચના વોટરકલર પેઇન્ટર તરીકે નામના ધરાવે છે. તેઓ સરળ પૃષ્ઠભૂમિમાં આવે છે, જે કોલકાતાથી બહુ દૂર નથી. તેમણે ધીમે ધીમે પોતાની પ્રતિષ્ઠા જમાવી છે. તેમની પાણી અને હોડીની સીરિઝે ભારતમાં કળા સમુદાયનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું હતું અને ત્યારથી તેઓ ભારતના સૌથી મહત્ત્વપૂર્ણ પેઇન્ટર્સ બની ગયા છે."

આ પારિતોષિકનો સ્વીકાર કરતાં મૈતીએ કહ્યું હતું કે, તેમણે ચિત્રકામની શરૂઆત કરી ત્યારથી કળા રંગ મારફતે સંસ્કૃતિઓ વચ્ચેના સીમાડા વટાવવાનું એક માધ્યમ છે, રંગ જીવનના વિવિધ પાસાં અને વિવિધ પરિપ્રેક્ષ્યની ઉજવણી કરે છે.

તેમણે કહ્યું હતું કેઃ “આ એવોર્ડ મેળવવો સંતોષપ્રદ અને વિશિષ્ટ અનુભવ છે. હું હંમેશા રંગોની દુનિયામાંથી પ્રેરણા મેળવું છું. મને અનેક નવા દેશોમાં લઈ જતી મારી શપર મારા જીવન અને મારી કળાનું અભિન્ન અંગ છે. આપણી દુનિયા વિવિધતાસભર છે અને આપણે એ વિવિધતાને માણવાની જરૂર છે - જેમાં આપણું વ્યક્તિગત અને સામાજિક જીવન એકબીજા સાથે જોડાય છે અને દુનિયાને જીવંત બનાવે છે. રંગ જીવન છે, રંગ બ્રહ્માંડ છે. રંગ વિના અને પ્રકાશ તથા પડછાયા વિના જીવનનો અંત આવી જશે. કળા રોજિંદી ઘટમાળમાંથી મુક્તિ અપાવવાની વિશિષ્ટ ક્ષમતા ધરાવે છે – જ્યારે સામાન્ય નિરૂપણ આપણને જણાવે છે કે વિવિધ લોકો અને સંસ્કૃતિઓ એકબીજાની હરિફ છે – ત્યારે કળા આપણને યાદ અપાવે છે કે આપણે એક જ ભૂમિના સંતાનો છીએ”

વોટરકલરને પોતાનું ‘હૃદય અને આત્મા’ ગણાવતા પરેશ જીવંત, રંગબેરંગી અને લાગણીસભર ચિત્રો બદલ ઓળખાય છે, જેનું પ્રદર્શન સમગ્ર દુનિયામાં અને અતિ પ્રતિષ્ઠિત ખાનગી તથા સરકારી કલેક્શનમાં થયું છે. તેમાં બ્રિટિશ મ્યુઝિયમ, નવી દિલ્હીમાં નેશનલ ગેલેરી ઓફ મોડર્ન આર્ટ અને નવી દિલ્હીમાં વેટિકન એમ્બેસી સામેલ છે.

મૈતીની અન્ય સિદ્ધિઓમાં ઓલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ સોસાયટીનો બેસ્ટ વોટરકલર પેઇન્ટિંગનો એવોર્ડ, બિરલા એકેડમી ઓફ આર્ટ એન્ડ કલ્ચરનો આઉટસ્ટેન્ડિંગ પેઇન્ટિંગનો એવોર્ડ, બ્રિટિશ કાઉન્સિલ વિઝિટરશિપ એવોર્ડ, રોયલ વોટરકલર સોસાયટી એવોર્ડ, આર્ટ, કલ્ચર અને એજ્યુકેશન માટે દયાવતી મોદી એવોર્ડ તથા તાજેતરમાં ભારત સરકારનો પદ્મશ્રી એવોર્ડ સામેલ છે.

સ્ટેલર ઇન્ટરનેશનલ આર્ટ ફાઉન્ડેશનના સ્થાપક અનિતા ચૌધરીએ કહ્યું હતું કેઃ

*"પરેશ માનવતામાં પ્રથમ માને છે અને આ એસીટીએ એવોર્ડ તેમને પ્રેરિત કરનાર માનવતાના આદર્શનું પ્રતીક છે. અહીં એવું કહ્યાં વિના ન રહી શકાય કે આ શો તેમની રંગોની સર્જનાત્મકતા અને કેનવાસ પર પ્રતિભાને બિરદાવે છે. પરેશની સહજતા અને કલ્પનાક્ષમતા વ્યાપક અને વિશિષ્ટ છે તથા તેના થકી તેઓ ભારત અને હવે આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાવસાયિક અને પૂરક સિદ્ધિઓ મેળવી શક્યાં છે તેમાં કોઈ શંકા નથી* "

ચૌધરી પરિવાર દ્વારા સ્થાપિત સ્ટેલર ઇન્ટરનેશનલ આર્ટ ફાઉન્ડેશન પરેશ મૈતીના પ્રથમ સંરક્ષકોમાંનું એક હતું. ચૌધરી પરિવારના સભ્યો અને મૈતીની પ્રથમ મુલાકાત 1990ના દાયકામાં દિલ્હીમાં મૈતીના પ્રથમ પ્રદર્શનમાં થઈ હતી અને પછી ચૌધરી પરિવારે પોતાની વિવિધ વિન્ટેજ કારને વોટરકલર્સ કરવા માટે રોક્યાં હતાં. આ ગાળાથી ફાઉન્ડેશને તેમની રચનાઓને સંરક્ષણ પ્રદાન કર્યું છે, જેમાં વોટરકલર્સની સૌથી મોટી સીરિઝ 57 પીસ ઓફ વેનિસ સામેલ છે.

ઇસ્ટર્ન આઇ એસીટીએ વાર્ષિક ધોરણે યોજાતા કળા સમારંભોમાં મુખ્ય સમારંભ બનશે, જેમાં બ્રિટિશ દક્ષિણ-એશિયન પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવે છે.

આ સમારંભમાં આસિફ કાપડિયા, સંજીવ ભાસ્કર, મીરા સયાલ, નિશ કુમાર, નિકેશ પેટલ, નૉટી બોય, પ્રીવા ખાલિદાસ, નિહાલ અર્થનાયકે, શાઝિયા મિર્ઝા, શાંતિ પંચાલ, રામ શેરગીલ, સોનિયા સબરી અને કલ્ચર, મીડિયા અને સ્પોર્ટ વિભાગના પ્રદાન તથા સાસંદ એડ વેઇજી ઉપસ્થિત હતા.

Stellar International
ART FOUNDATION

નિર્ણાયક મંડળમાં નિહાલ અર્થનાયકે (બીબીસી એશિયન નેટવર્કના પ્રેઝન્ટર), લૂઇસ જ્યુરી (ઇવનિંગ સ્ટાન્ડર્ડના ભૂતપૂર્વ કળા સમીક્ષક અને અત્યારે ક્રિએટિવ ઇન્ડસ્ટ્રીઝ ફેડરેશન માટે કમ્યુનિકેશન્સ અને સ્ટ્રેટેજી વિભાગના ડિરેક્ટર), શાહીન ખાન (મિડનાઇટ્સ ચિલ્ડ્રનની અભિનેત્રી) અને ઇસ્ટર્ન આઇના પોતાના પ્રતિનિધિઓ, મેનેજિંગ ડિરેક્ટર અને એક્ઝિક્યુટિવ એડિટર્સ કલ્પેશ આર સોલંકી અને શૈલેષ આર સોલંકી સામેલ હતા.

**-END-**

**સંપાદકો માટે નોંધ:**

સ્ટેલર ઇન્ટરનેશનલ આર્ટ ફાઉન્ડેશનની સ્થાપના 2008માં થઈ હતી અને ચૌધરી કુટુંબના અંગત કલેક્શનને પોતાનો આધાર બનાવ્યો છે.

અત્યારે ફાઉન્ડેશન ચિત્રકામથી સ્થાપત્ય સુધી તમામ પ્રકારની કળામાં માહેર ભારતીય અને પશ્ચિમી સમકાલીન કલાકારોનાં 600 નમૂના ધરાવે છે.

આ કલેક્શનની શરૂઆત 1970ના દાયકામાં થઈ હતી અને ચૌધરી કુટુંબે કળાના નમૂના ખરીદવાની શરૂઆત કરી હતી. આ કામગીરી એમ એફ હુસૈન, પરેશ મૈતી અને જયશ્રી બર્મન જેવા ભારતના અતિ મહત્ત્વપૂર્ણ સમકાલીન કલાકારો સાથે ગાઢ સંબંધ તરફ દોરી ગઈ છે.

ફાઉન્ડેશનની સ્થાપના સમયે કલેક્શને પશ્ચિમી અને અમેરિકન સમકાલીન કળા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને અત્યારના અતિ મહત્ત્વપૂર્ણ સમકાલીન કલાકારોના મહત્ત્વપૂર્ણ નમૂના પસંદ કરે છે.

ફાઉન્ડેશન આંતરરાષ્ટ્રીય પ્રદર્શન, લોન, પ્રકાશનો અને કાર્યક્રમો મારફતે કલેક્શનની અંદર કલાકારોને પ્રોત્સાહન આપે છે.

સ્ટેલર ઇન્ટરનેશનલ આર્ટ ફાઉન્ડેશન કાર્યક્રમ અગાઉ અને પછી પ્રેસ માટે તસવીરો અને ઇન્ટરવ્યૂ પ્રદાન આપી શકે છે.

**સંપર્ક:**

હેરિટ એલનર, સ્ટ્રેટેજિક કમ્યુનિકેશન એટ ફા મીડિયા

HARRIETA@PHA-MEDIA.COM / +44 (0) 207 0251 379

અન્ય ઝખરોવા, સલાહકાર, સ્ટેલર ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન

ANYA@STELLARART.CH / +44 (0) 747 634 5335